# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-09-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) રાજ્યમાં આજે સાર્વત્રિક મેઘમહેર.. બનાસકાંઠાના સુઇગામમાં 11 ઇંચ વરસાદ
2) વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં અત્યાર સુધી એક હજાર 54 લોકોને બચાવી લેવાયા
3) આગામી ત્રણ દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી
4) 15મી વિધાનસભાના ચોમાસું સત્રનો આવતીકાલથી પ્રારંભ થશે
5) અને ભક્તિ શક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમ શક્તિપીઠ અંબાજીના ભાદરવી પૂનમનો મહામેળો આજે સંપન્ન

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT RAIN

રાજ્યમાં સાર્વત્રિક મેઘમહેર થઈ છે. આજે 221 તાલુકામાં મધ્યમથી ભારે વરસાદ નોંધાયો છે. બનાસકાંઠા જિલ્લાના સુઈગામમાં આજે સૌથી વધુ 11 ઇંચથી વધુ વરસાદ વરસ્યો છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)

વલસાડના કપરાડા અને તાપીના વાલોડ અને વ્યારામાં ચાર ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. રાજ્યના 17 તાલુકામાં આજે ત્રણ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. આ સાથે રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ 100 ટકાથી વધુ વરસાદ નોંધાઈ ગયો છે.

. . . . . . . .

# OVERFLOW

રાજ્યમાં અત્યાર સુધી પડેલા સાર્વત્રિક વરસાદનાં પગલે 125 જળાશય હાઈ એલર્ટ પર છે. જ્યારે 20 જળાશય એલર્ટ પર રાખવામાં આવ્યા છે. રૂલ લેવલ જાળવવા વિવિધ જળાશયોમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે.

વલસાડમાં ઉપરવાસ અને સ્થાનિક વિસ્તારમાં ભારે વરસાદને કારણે મધુબન ડેમની સપાટી 77.45 મીટર સુધી પહોંચતા ડેમના 10 દરવાજા 1.80 મીટર સુધી ખોલવામાં આવ્યા છે. જિલ્લાના કપરાડા , વાપી અને ઉંમરગામ તાલુકાના 13 ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. તેમજ 209 જેટલા રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે.

સુરેન્દ્રનગરના ચોટીલા તાલુકાનો ત્રિવેણી ઠાંગા ડેમ અને ચુડા તાલુકાનો વાંસલ ડેમ ઓવરફ્લો થતા નીચાણવાળા વિસ્તારોમાં તંત્ર દ્વારા સૂચના અપાઈ.

નવસારીના વાંસદા તાલુકામાં આવેલા જૂજ ડેમ 167.90 મીટર અને કેલિયા ડેમ 113.70 મીટરની ઊંચાઈએ ઓવરફ્લો થઈ વહી રહ્યો છે.

તાપી જીલ્લામાં ઉકાઇ ડેમના ઉપરવાસમાં વરસાદનું જોર ઘટતા ડેમમાં પાણીની આવક એક લાખ 25 હજાર 961 ક્યુસેક નોંધાઈ. ડેમની જળ સપાટી 338.91 ફૂટ, જ્યારે રૂલ લેવલ 340 ફૂટ છે. ડેમના છ દરવાજાઓ પાંચ ફૂટ ખોલીને 78 હજાર 384 ક્યુસેક પાણી તાપી નદીમાં છોડાઇ રહ્યું છે.

ડાંગ જીલ્લામાં વરસાદને કારણે કોઝ વે અને સ્લેબ ડ્રેઈન ઓવર ટોપિંગ થતા સાંજના ચાર વાગ્યાની સ્થિતિએ કુલ ૧૦ જેટલા ગ્રામ્ય માર્ગો અવરોધાયા.

. . . . . .

# GUJARAT RESCUE

રાજ્યમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં એક હજાર 54 લોકોને બચાવી લેવાયા છે જ્યારે 7 હજાર 177 લોકોને સાવચેતીના ભાગરૂપે સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. તેમાં સાબરકાંઠાના ખેડબ્રહ્મા નજીક સાબરમતી નદીમાં ફસાયેલા નવ લોકોને આજે વહેલી સવારે બચાવી લેવાયા. આ તરફ ગાંધીનગર નજીક સાબરમતી નદીમાં જળસ્તર વધતા જુના કોબા વિસ્તારમાંથી 69 લોકોને જ્યારે મેશ્વો નદીનું જળસ્તર વધતાં દહેગામના 23 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે.

દ્વારકામાં ભારતીય તટરક્ષકે માછીમારોને નજીકના બંદર પર પોતાની બોટ લાંગરી લેવા સૂચના આપી છે. વરસાદ અને પૂરની સ્થિતિને પહોંચી વળવા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં NDRFની 12 અને SDRFની 22 ટીમો તૈનાત રાખવામાં આવી છે.

. . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ  આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.   વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..........

# WEATHER FORECAST

આગામી ત્રણ દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. આજે બનાસકાંઠા, મહેસાણા, પાટણ, અને કચ્છ માટે અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરાયું છે. પશ્ચિમ દિશામાં સક્રિય થયેલા ડિપ્રેશન અને મોન્સૂન ટ્રફના કારણે ઉત્તર ગુજરાતમાં અત્યંત ભારે વરસાદની આગાહી છે જોકે 3 દિવસ બાદ રાજ્યમાં વરસાદનું જોર ઘટશે તેમ હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું.

(બાઇટ : અભિમન્યુ ચૌહાણ, વૈજ્ઞાનિક)

રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ વરસાદ કરતાં 23 ટકા વધુ વરસાદ નોંધાયો છે.

. . . . . .

# ASSEMBLY SESSION

15મી વિધાનસભાના ચોમાસું સત્રનો આવતીકાલથી પ્રારંભ થશે. 10 સપ્ટેમ્બર સુધી યોજાનાર આ સત્રના પ્રથમ દિવસે પ્રશ્નોતરી થયા બાદ સમગ્ર દિવસ દરમિયાન શોકદર્શક પ્રસ્તાવો પર ચર્ચા થશે.

જ્યારે તારીખ 9 અને 10ના રોજ પ્રશ્નોતરી અને અન્ય કામકાજ ઉપરાંત ઓપરેશન સિંદૂરની સફળતાના પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અભિનંદન પ્રસ્તાવ લાવવામાં આવશે. સત્ર દરમિયાન કુલ 5 ખરડા રજૂ કરાશે. સાંભળીએ અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતાનો અહેવાલ..

(વોઇસ કાસ્ટ : દુર્ગેશ મહેતા)

. . . . .

# GOVENER

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આર્ય સમાજના આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિમંડળ સાથે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સૌજન્ય મુલાકાત લીધી અને તેમને આર્ય સમાજની સ્થાપનાના 150 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આયોજિત થનાર સાર્ધશતી સમારોહ માટે આમંત્રણ પાઠવ્યું હતું.

આ ભવ્ય કાર્યક્રમ 30 ઓક્ટોબરથી 2 નવેમ્બર 2025 દરમિયાન નવી દિલ્હીમાં યોજાશે. પ્રધાનમંત્રીએ આ ઐતિહાસિક સમારોહમાં ઉપસ્થિત રહેવા માટે સંમતિ આપી હતી અને તેમણે દેશ - વિદેશમાં આર્ય સમાજના વિવિધ સંગઠનો દ્વારા કરવામાં આવી રહેલા કાર્ય વિશે પણ પ્રતિનિધિમંડળ પાસેથી માહિતી મેળવી હતી.

પ્રધાનમંત્રીશ્રીએ શિક્ષણ, સામાજિક સુધારણા અને સંસ્કૃતિની જાળવણી માટે આર્ય સમાજ દ્વારા કરવામાં આવી રહેલા કાર્યની પ્રશંસા કરી હતી

. . . . . . .

# AMBAJI MELO

ભક્તિ, શક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમ શક્તિપીઠ અંબાજીના ભાદરવી પૂનમનો મહામેળો આજે સંપન્ન થયો. અંદાજિત 40 લાખ માઈ ભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી. સાંભળીએ એક અહેવાલ...

(વોઇસ કાસ્ટ : સવજી ચૌધરી)

. . . .

# MINI TARNETAR MELO

મીની તરણેતર સમાન કચ્છના મોટા યક્ષના મેળાનો આજથી વિધિવત પ્રારંભ થયો છે. ધારાસભ્ય પ્રદ્યુમ્ન સિંહ જાડેજા જિલ્લા પંચાયત પ્રમુખ જનક સિંહ જાડેજા સહિત અન્ય આગેવાનોની હાજરીમાં ચાર દિવસ ચાલનારા આ મેળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

મેળામાં કચ્છની ભાતીગળ સંસ્કૃતિના દર્શન કરાવવામાં આવશે. આ ઉપરાંત સ્થાનકના વિકાસ માટેની પ્રતિબદ્ધતા પણ વ્યકત કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# PATAN LUNAR ECLIPSE

પાટણના રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે આજે થનારા પૂર્ણ ચંદ્રગ્રહણને નિહાળવા વિશેષ અવલોકન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં સહભાગીઓને પૃથ્વી, ચંદ્ર અને બ્લડ મૂન વિશે નિષ્ણાતો દ્વારા સમજ આપવામાં આવશે. ઉપરાંત ચંદ્રગ્રહણ પર આધારિત વૈજ્ઞાનિક ફિલ્મ દર્શાવવામાં આવશે. ચંદ્રયાન મિશનના આધારે ચિત્ર સ્પર્ધા તેમજ ચંદ્રગ્રહણ વિષયક ક્વિઝ સ્પર્ધાનું પણ આયોજન કરાયું છે.

ટેલિસ્કોપની મદદથી સહભાગીઓને ચંદ્રગ્રહણનું જીવંત અવલોકન કરાવવામાં આવશે. સાયન્સ સેન્ટરના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડૉ. સુમિત શાસ્ત્રીએ ખગોળશાસ્ત્ર અને વિજ્ઞાનમાં રુચિ ધરાવનાર તમામ લોકો આ અલૌકિક અવકાશી ઘટનાનો અનુભવ લેવા આમંત્રણ આપ્યું છે.

. . . . . . . . . . . . .

# DIV - CAMP

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના વણાકબારા ખાતે શિવ સદન હોલમા શ્રી સંયુક્ત કોળી સમાજ દ્વારા નિશુલ્ક નિદાન કેમ્પ યોજાયો કેમ્પમા અનેક દર્દીઓ નો ઈલાજ કરવામા આવ્યો હતો , તેમજ દવા પણ નિશુલ્ક અપાઈ હતી , કેમ્પ દરમિયાન સમાજના પટેલ, આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા, મોટી સંખ્યામા ગ્રામજનોએ આ કેમ્પનો લાભ ઉઠાવ્યો હતો.

. . . . . .